**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૧.૮ ડીગ્રી
લઘુતમ : ૧૪.૫ ડીગ્રી
ભેજ
સવારે ૫૨ ટકા ● સાંજે ૩૧ ટકા

# ગાંધીનગરના યુવા કલાકારો ટ્રમ્પને આવકારશે

## રોડ-શોમાં મધર ડેરીથી ઔડા ગાર્ડન સુધી શહેરના રાગા કલ્ચરલ ગૃપના કલાકારો તેમજ મોટેરા સ્ટેડિયમ પાસે પનઘટ ગૃપના કલાકારો પરફોર્મન્સ કરશે : આશરે બસ્સો જેટલા યુવા કલાકારો રાસ-ગરબા, ટીપ્પણી, હુડો, આદિવાસી નૃત્ય વગેરે રજૂ કરશે

ગાંધીનગર, તા.૨૨

વિશ્વની બે મોટી લોકશાહીનું મિલન સોમવારે અમદાવાદના વિશ્વના સૌથી મોટા ક્રિકેટ સ્ટેડિયમ સરદાર પટેલ મોટેરા સ્ટેડિયમ ખાતે થઈ રહ્યું છે. અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પને આવકારવા કેન્દ્ર અને રાજય સરકારે ભવ્ય આયોજન હાથ ધર્યું છે ત્યારે એરપોર્ટથી સ્ટેડિયમ સુધીના રોડ શૉ દરમિયાન બંને મહાનુભાવોનું સ્વાગત ગુજરાતના પરંપરાગત નૃત્યો થકી કરવાનું બીડું ગાંધીનગરના યુવા કલાકારોને સોંપવામાં આવ્યું છે. રોડ શૉના માર્ગમાં બનાવાયેલા સાત સ્ટેજ ઉપરાંત સ્ટેડિયમ નજીકના સ્વાગત સ્ટેજ પૈકી મોટા ભાગના સ્ટેજ પર શહેરના કલાકારો ગરબો, રાસ, આદિવાસી નૃત્ય, હુડો અને ટીપ્પણી જેવા પરફોર્મન્સ આપી અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પને 'નમસ્તે' કહેશે. અત્યારે કલાકારો રીહસર્લમાં જીવ રેડી રહ્યા છે.



'નમસ્તે ટ્રમ્પ' કાર્યક્રમ સ્થળે પહોંચતા પહેલા એરપોર્ટથી વડાપ્રધાન નરેન્દ્રી મોદી અને અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ સહિતના રસાલાનો ૯ કિમીનો ભવ્ય રોડ શૉ યોજાવાનો છે. આ રોડ શૉના રૂટ પર મધર ડેરીથી ઔડા ગાર્ડન જંકશન સુધીના માર્ગ પર બનાવાયેલા સાત પૈકી છ સ્ટેજ પર ગાંધીનગરના 'રાગા કલ્ચરલ ગૃપ'ના કલાકારો દાંડીયા-રાસ, મણિયારો, ટીપ્પણી, પ્રાચીન ગરબો, હુડો, આદિવાસી નૃત્ય તથા અર્વાચીન ગરબો રજૂ કરશે. દરેક સ્ટેજ પર લગભગ ૧૮ થી ૨૦ કલાકારો સહિત ૯૦થી વધુ કલાકારો પરફોર્મન્સ આપશે. આ સાથે મોટેરા સ્ટેડિયમ નજીક બનાવાયેલા સ્વાગત માટેના વિશાળ સ્ટેજ પર ગાંધીનગરની જાણીતી સંસ્થા 'પનઘટ ગૃપ'ના કલાકારો રાસ-ગરબા, આદિવાસી નૃત્ય, મિશ્ર રાસ, માંડવડી અને ઘડા તેમજ ઢોલ-શરણાઈ સાથેના ગરબાની પ્રસ્તુતિ કરશે. પનઘટ ગૃપ દ્વારા કરવામાં આવનાર પરફોર્મન્સમાં આંતર રાષ્ટ્રીય કલાકાર રાજેન્દ્ર રાવલ એક ખાસ પ્રસ્તુતિ કરવાના છે જેને 'કેરવાનો વેશ' કહેવાય છે. જેમાં તેઓ ગોળ ગોળ ગરબે ઘુમતા ઘુમતા સાડીના કાપડમાંથી મોર-કબૂતર જેવી પ્રતિકૃતિઓ બનાવશે. 'પનઘટ ગૃપ'ના પણ ૯૦થી વધારે યુવા કલાકારો સતત તેમનું પરફોર્મન્સ આપી મોદી તથા ટ્રમ્પને આવકારશે. રાગા કલ્ચરલ ગૃપના નૃત્યોની કોરિયોગ્રાફી હર્ષદ સોલંકી તથા પનઘટ ગૃપના નૃત્યોની કોરિયોગ્રાફી ભાવિન પટેલ દ્વારા કરવામાં આવી છે.



●●●

'આંગણે આવતા મહેમાનને ભગવાન માનીને તેને આવકારવો અને તેની હૃદયથી પરણોગત કરવી તે ભારતીય સંસ્કૃતિ અને ગુજરાતની ધરતીના સંસ્કાર છે. અમેરિકન પ્રમુખ જયારે આપણે આંગણે પધારી રહ્યા છે ત્યારે તેમના સ્વાગત માટે અમે આપણા પરંપરાગત ગુજરાતી નૃત્યોની પ્રસ્તુતિથી આવકારવા થનગની રહ્યા છીએ. અમને વિશ્વાસ છે કે તેઓ ગુજરાતની મહેમાનગતિને કયારેય ભુલી નહીં શકે.'

**- ભાવિન પટેલ**
**સંચાલક-પનઘટ ગૃપ**



●●●

'અત્યાર સુધી અનેક સ્ટેજ પર મેં રાસ-ગરબા, ટીપ્પણી-હુડો વગેરે નૃત્યો પરફોર્મ કર્યા છે પરંતુ આ વખતે અમેરિકન પ્રેસિડેન્ટ ડોનાલ્ડ ટ્રમ્પ તથા આપણા લોકલાડીલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીને આવકારવા પરફોર્મન્સ કરવાનું છે તેનો રોમાંચ જ અલગ છે. અમે તમામ મિત્રો દિલ દઈને પરફોર્મન્સ આપીશું.'

**- હની વ્યાસ, યુવા કલાકાર**



●●●

''નમસ્તે ટ્રમ્પ' કાર્યક્રમ પૂર્વે યોજાનાર ભવ્ય રોડ શૉમાં ગુજરાતની સાંસ્કૃતિક વિરાસતને પ્રસ્તુત કરવાની જવાબદારી અમને મળી છે તે અમારા માટે આનંદની વાત છે. આ રોડ શૉ પર સમગ્ર વિશ્વની નજર હશે તેથી અમે સમગ્ર વિશ્વને ગુજરાતની કલા અને સંસ્કૃતિનો પરિચય આપીશું.'

**- અર્જુન રાજવાણિયા**
**પ્રમુખ-રાગા કલ્ચરલ ગૃપ**

## મુવી હાઉસ

**પી.વી.આર, સિનેમેક્સ, સે-૧૧**

**ભૂત પાર્ટ વન : ધ હોન્ટેડ શીપ**
૯.૦૦, ૧૧.૩૫, ૧.૧૫, ૨.૧૦, ૪.૪૫, ૭.૨૦, ૯.૫૫, ૧૦.૫૫
**શુભ મંગલ ઝયાદા સાવધાન**
૯.૦૦, ૧૦.૩૦, ૧૧.૪૫, ૨.૩૦, ૪.૧૫, ૫,૧૫, ૭.૦૦, ૮.૦૦, ૯.૪૫, ૧૦.૪૫
**લવ આજ કલ ૨૦૨૦**
૧૧.૧૫, ૫.૦૫
**મલંગ**
૨.૧૫, ૮.૦૫

**આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૨૧**

**શુભ મંગલ ઝયાદા સાવધાન**
૯.૨૫, ૧૦.૧૫, ૧૨.૦૦, ૧.૫૦, ૨.૪૦, ૩.૩૫
**ભૂત પાર્ટ વન : ધ હોન્ટેડ શીપ**
૯.૩૫, ૧૧.૧૦, ૧૨.૧૦, ૨.૫૦, ૪.૩૦, ૫.૩૦, ૮.૧૦, ૯.૫૦, ૧૦.૫૦
**લવ આજ કલ ૨૦૨૦**
૧૦.૪૦, ૪.૨૫, ૭.૨૦, ૧૦.૧૫
**મલંગ**
૧.૩૫, ૬.૧૦
**તાન્હાજી - ૧૨.૫૦**

**સિટી પલ્સ, કુડાસણ**

**શુભ મંગલ ઝયાદા સાવધાન**
૧૨.૩૦, ૨.૩૦, ૩.૩૦, ૪.૩૦, ૬.૩૦, ૭.૩૦, ૧૦.૦૦
**ભૂત ધ હોન્ટેડ શીપ**
૨.૦૦, ૧૨.૦૦, ૫.૦૦, ૭.૦૦, ૯.૩૦
**લવ આજ કલ ૨૦૨૦**
૧૨.૪૫
**મલંગ**
૯.૪૫
**તાન્હાજી**
૩.૪૫
**ચાલ જીવી લઈએ (ગુજરાતી)**
૬.૪૫

**આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૧૬**

**શુભ મંગલ ઝયાદા સાવધાન**
૯.૧૦, ૧૦.૪૫, ૧૧.૪૫, ૧૨.૪૫, ૧.૨૦, ૨.૨૦, ૩.૨૦, ૩.૫૫, ૪.૫૫, ૬.૩૦, ૭.૩૦, ૯.૦૫, ૧૦.૦૫
**ભૂત પાર્ટ વન : ધ હોન્ટેડ શીપ**
૯.૨૦, ૧૦.૧૫, ૧૧.૫૫, ૧.૨૫, ૨.૩૦, ૫.૦૫, ૭.૪૦, ૯.૧૫, ૧૦.૧૫
**લવ આજ કલ ૨૦૨૦**
૧૦.૩૦, ૪.૦૦, ૯.૪૫
**મલંગ**
૬.૫૫
**સ્ટ્રીટ ડાન્સર ૩-ડી**
૬.૧૫




સમર્પણ સ્પોર્ટસ એકેડેમીના ખેલાડીઓએ સ્કિલ ચાઈલ્ડ ઈવેન્ટ પાર્ક દ્વારા આયોજીત બેડમિન્ટન સ્પર્ધામાં ભાગ લીધો હતો. જેમાં એલિશા પટેલને ગોલ્ડ, અદિતી પટેલને સિલ્વર, મોક્ષા ત્રિવેદી અને હર્ષિલ સિસોદીયાએ બ્રોન્ઝ મેડલ મેળવ્યો છે. સંસ્થાના પ્રતિકસિંહ વાઘેલા તથા જયદિપસિંહ વાઘેલા દ્વારા સર્વે વિજેતાને અભિનંદન પાઠવવામાં આવ્યા છે.



બ્રહ્માકુમારીઝ પેથાપુર દ્વારા પ્રાચીન તીર્થ સુખડેશ્વર મહાદેવ પેથાપુર ખાતે મહાશિવરાત્રીની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ દિવસે બરફના શિવલિંગ તથા શિવધર્મની ઝાંખી સાથે, વેલ્યુગેમ અને પ્રદર્શન યોજાયા હતા. આ પ્રસંગે પેથાપુર નગરપાલિકાના પ્રમુખ, સમગ્ર પેથાપુર નગરપાલિકાના સદસ્યો, સુખડેશ્વર મહાદેવના ટ્રસ્ટીઓ, પેથાપુરના પીએસઆઈ આરતીબેન અનુડકર, બ્રહ્માકુમારીઝના શિલ્પાદીદી તથા પેથાપુરવાસીઓએ મહાદેવના દર્શન કર્યા હતા.

## સિવિલ ખાતે નવીન કેન્ટીનો શુભારંભ

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર સિવિલ કેમ્પસમાં છેલ્લા કેટલાક સમયથી કામચલાઉ કેન્ટીન કાર્યરત હતી. કેમ્પસ ખાતે શોંપીગ સેન્ટર પાસે સિવિલ તંત્ર દ્વારા આધુનિક કેન્ટીન બનાવવામાં આવી હતી. પરંતુ કોણ જાણે કેમ છેલ્લા કેટલાક વર્ષોથી તે યથાવત સ્થિતમાં પડી રહી હતી. ત્યારે તાજેતરમાં કેન્ટીનની ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. જેમાં સૌથી ઓછા ભાવે ભાવના કેટરર્સને કેન્ટીન મળવા પામી છે. ત્યારે નવીન કેન્ટીનો શુભારંભ તાજેતરમાં થઈ ગયો છે.

દર્દીઓ તેમજ સ્વજનોને બેસવા માટે, મીનરલ ઠંડુ પાણી, ચા-નાસ્તો, જમવાનું, ફ્રુટ જયુસ સહિતની ચીજવસ્તુઓ મળશે. જયારે હાલ કામચલાઉ કેન્ટીન હતી તે જગ્યા ખાલી કરવામાં આવશે અને કેન્ટીન પણ બંધ કરવામાં આવશે. તે જગ્યા સિવિલ તંત્ર દ્વારા અન્ય પ્રોજેકટ માટે ઉપયોગમાં લેવામાં આવશે. જયારે કામચલાઉ કેન્ટીન નવી બિલ્ડીંગની નજીક હોવાથી દર્દીઓને નજીક પડતુ હતું. જયારે નવીન કેન્ટીન દુર પડશે. પરંતુ નવી કેન્ટીનમાં દર્દીઓ અને સ્વજનોને યોગ્ય ભાવે દરેક ચીજવસ્તુઓ મળી રહેશે. જયારે કેન્ટીન સંચાલક દ્વારા ભાવનું પ્રાઈસ લીસ્ટ પણ મુકવામાં આવશે. જેથી દરેક નાગરીકને કંઈ ચીજવસ્તુનો શુ ભાવ છે તે સરળતાથી જાણી શકાય.

## સરગાસણ ચોકડી પાસે કાર-એકટીવા વચ્ચે અકસ્માત

શહેરના ખ-૦ પાસે કાર અને એકટીવા વચ્ચે અકસ્માત સર્જાયો હતો. સ્વાગત રેઈરન ફોરેસ્ટ-૪ માં રહેતા જીશાબેન મનોજભાઈ નાયર કામેશ્વર ઈન્ટરનેશનલ સ્કુલમાં ફરજ બજાવે છે. શુક્રવારના રોજ બાર વાગ્યાના અરસામાં તેઓ ઘરેથી પ્રમુખનગર તરફ એકટીવા લઈને કામઅર્થે નીકળ્યા હતા તે સમયે ખ માર્ગ પર પ્રમુખ નગર ચાર રસ્તા ઓળંગતી વખતે ખ-૩ તરફથી આવી રહેલી કારના ચાલકે એકટીવાને અડફેટે લીધી હતી. જેથી માર્ગ પર પટકાતા શિક્ષિકાને માથાના અને પગના ભાગે ઈજા પહોંચી હતી. અકસ્માતને પગલે દોડી આવેલા સ્થાનિક નાગરીકો શિક્ષિકાને ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે લઈ જવાયા હતા. શિક્ષિકાને ડાબા પગે ફ્રેકચરનું નિદાન થયુ છે. જેને પગલે શિક્ષિકાએ જી.જે.૦૧.કે.એકસ.-૪૬૭૯ નંબરની કારના ચાલક સામે સે-૭ પોલીસ મથકે ફરીયાદ નોંધી ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.



સંસ્કાર ગ્રુપના બાળકો માટે ભેગા મળી શિવરાત્રીના દિવસે મહાદેવની પૂજા અર્ચના કરી ફળાહાર કરી ઉજવણી કરવામાં આવી હતી.




સરગાસણ ચાર રસ્તા નજીકની દેવનંદન સમિટ સોસાયટી ખાતે ગુજરાત રાજય સંગીત નાટક અકાદમીના સહયોગથી શુક્રવારે રાત્રે ભવ્ય લોકડાયરાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ભજન સમ્રાટ મધુભાઈવાળા, લોકગાયક રાજુભાઈ શ્રીમાળી, રાજતરંગ, સુલોચના વ્યાસ, નાગરભાઈ પ્રજાપતિ વગેરેએ પરફોર્મન્સ આપ્યું હતું. આ લોક ડાયરાનું સંચાલન સાહિત્યકાર વ્હાલા ગજ્જરે કર્યુ હતું. જેમાં સોસાયટીના પ્રમુખ યુવરાજભાઈ બારોટ સહિત સભ્યો તથા આસપાસના વિસ્તારના શ્રોતાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## આજે સિસિકા દ્વારા રકતદાન શિબિર યોજાશે

ગાંધીનગર, તા.૨૨

સિનિયર સિટિઝન કાઉન્સિલ દ્વારા સંસ્થાના સ્થાપના દિવસ ૨૩ ફેબ્રુઆરીના રોજ સંસ્થાના સભ્યો, પરિવારજનો તેમજ નગરજનો માટે રકતદાન શિબિરનું આયોજન સે-૨૧ સ્થિત વૈષ્ણવ હવેલી મંદિર ખાતે સવારે ૯ થી ૧૨ વાગ્યા દરમિયાન કરવામાં આવ્યું છે. સંસ્થાના પ્રમુખ દ્વારા નગરજનોનો અહીં બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહી રકતદાન કરી સામાજીક ફરજ નિભાવવા જણાવાયું છે.



સે-૫-સી સ્થિત શિવશકિત મંદિર ખાતે શિવરાત્રિ નિમિત્તે ગુજરાત રાજય સંગીત નાટક અકાદમીના આર્થિક સહયોગથી ભજન સંધ્યા કાર્યક્રમ યોજાયો હતો. જેમાં સોસાયટીના રહીશોએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો.




મહાશિવરાત્રીએ શહેરના સુપ્રસિધ્ધ પંચદેવ મદિરે ભરાતો લોકમેળો ગાંધીનગર સહિત આસપાસના ગ્રામ્ય વિસ્તારની જનતામાં ખૂબ લોકપ્રિય છે જેના કારણે આ મેળામાં ભારે જનમેદની ઉમટી પડે છે. શહેરની સંસ્થા રોટરી કલબ ઓફ ગાંધીનગર દ્વારા દર વર્ષે જાહેર જનતા માટે વિના મૂલ્યે પીવાના શુધ્ધ પાણીની પરબ યોજવામાં આવે છે. આ વર્ષે પણ મહાશિવરાત્રીના મેળામાં રોટરી કલબની પરબનો આશરે બાર હજારથી વધુ શ્રધ્ધાળુએ લાભ લીધો હતો તેવું સંસ્થાની અખબારી યાદી જણાવે છે. પરબ પર સંસ્થાના પ્રમુખ ડૉ. ધર્મેન્દ્ર પટેલ સહિત સભ્યો કિરણ પટેલ, જશવંત ગાંધી, ભારત જૈન, બાબાસાહેબ, નીલેશ ગાંધી વગેરેએ સેવા આપી હતી. આ સાથે જનતાને જીવનમાં પાણીનું મહત્વ સમજી તેનો બગાડ ન કરવા પણ આહવાન કરવામાં આવ્યું હતું.

# સમદર્શન આશ્રમમાં મહાશિવરાત્રીની ભવ્ય ઉજવણી

## ગુરુમા દ્વારા ષોડશોપચાર પૂજા-અભિષેક : જયંતી રવિના સંકીર્તનથી ભક્તો ભાવવિભોર



ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગરના સમદર્શન આશ્રમમાં શિવરાત્રી પ્રસંગે બે દિવસનો મહોત્સવ યોજાઈ ગયો. શિવરાત્રિની પૂર્વ સંધ્યાએ કર્ણાટકી વોકલીસ્ટ અને આરોગ્ય-પરિવાર કલ્યાણ વિભાગના અગ્ર સચિવ ડો. શ્રીમતી જયંતી રવિ અને સાથી ગાયકોએ નામ સંકીર્તન દ્વારા ભગવદ ભક્તિનું પ્રગટીકરણ કર્યુ હતું. શિવરાત્રીએ દિવસ દરમિયાન અખંડ ધૂન અને રાત્રે પૂ. ગુરુમાએ શ્રી કૃપાનિધિ મહાદેવની ષોડશોપચાર પૂજાવિધિ કરી, એકાદશ દ્રવ્યથી અભિષેક અને શ્રુંગાર પછી સહસ્ત્રનામ અર્ચના કરી હતી.

શિવરાત્રીની પૂર્વસંધ્યાએ ડૉ. શ્રીમતી જયંતી રવિએ હરિનામ સંકીર્તન અંતર્ગત શાસ્ત્રીય રાગો આધારિત ભજનો-ધૂનની અભિવ્યક્તિ કરી હતી. ડૉ. જયંતી રવિએ માતૃશ્રી કલામણી બી. રાજમ ઐયર, પંડિત જશરાજ તથા શ્રી વિકાસભાઈ પાસેથી સંગીતનું પ્રશિક્ષણ મેળવ્યું છે. ભક્ત હૃદય, પ્રખર બુધ્ધિ પ્રતિભા અને કુશળ વહીવટના દુલર્ભ સમન્વય સમા ડો. જયંતી રવિના સંકીર્તને ભાવિક ભક્તોને ભક્તિના રસમાં તરબોળ કર્યા હતા. પૂ. ગુરુમા સમાનંદ સરસ્વતીજીએ શ્રીમતી જયંતી રવિ અને સહુ કલાકારોનું સન્માન કર્યુ હતું.

શિવરાત્રીને દિવસે વહેલી પરોઢની પૂજા પછી અખંડ ધૂનનો આરંભ થયો હતો. સાંજ સુધી ઓમ નમઃ શિવાયની અખંડ ધૂન યોજાઈ હતી. સાંજે પૂ. ગુરુમાએ શ્રી કૃપાનિધિ મહાદેવની ષોડશોપચાર પૂજા કરીને મહાદેવ પર એકાદશ દ્રવ્યોનો અભિષેક કર્યો હતો. કૃપાનિધિ મહાદેવની પ્રાણ પ્રતિષ્ઠાને ૧૨ વર્ષ સંપન્ન થયા, આ નિમિતે મહાદેવજીના નિજમંદિરમાં બાર જ્યોર્તિલિંગની છબીઓથી સુશોભન કરાયું હતું. સહસ્ત્રનામ જાપ પછી મોટી સંખ્યામાં ઉપસ્થિત ભાવિક-ભક્તોએ મહાપ્રસાદનો લાભ લીધો હતો.



## @ગાંધીનગર

● ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી અને માતૃભાષા ગૌરવ પ્રતિષ્ઠાન દ્વારા યુનિવર્સિટી પ્રાંગણમાં સાંજે ૭.૩૦ વાગ્યે ડાયરો અને સન્માન સમારોહ યોજાશે.

● એએફએસ અને યુનાઈટેડ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા બાસણ ગામ સ્થિત સરકારી પ્રાથમિક શાળા ખાતે સવારે ૯ થી ૧૨ દરમિયાન સર્વ રોગ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.